# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (ધો-૧૨) વિજ્ઞાન પ્રવાહ માર્ચ-૨૦૨૦ ના પરિણામની જાહેરાત બાદ ઉત્તરવહી અવલોકન માટે વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન અરજી કરવામાં આવેલ છે.

સામાન્ય સંજોગોમાં ઉત્તરવહીઓના રૂબરૂ અવલોકન માટે સમગ્ર રાજ્યનાં અરજદારોએ ગાંધીનગર ખાતે આવવાનુ રહેતુ હતું પરંતુ COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લેતાં રાજ્યના જિલ્લાઓને ચાર ઝોનમાં વિભાજીત કરીને વિદ્યાર્થીઓ-વાલીઓને અનુકૂળતા રહે તે માટે ઝોન કક્ષાએ ઉત્તરવહીઓનુ રૂબરૂ અવલોકન કરી શકાય તેવું આયોજન કરવામાં આવેલ છે.

ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓના ઉમેદવારો માટે નીચે દર્શાવ્યા મુજબ નિયત કરેલ સ્થળ પર નિયત કરેલ તારીખો દરમ્યાન ઉત્તરવહી અવલોકનની પ્રકિયા હાથ ધરવામાં આવનાર છે.

| ક્રમ | ઝોન | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાનું નામ | અવલોકનનું સ્થળ | અવલોકનની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | સુરત | સુરત, તાપી, ડાંગ, વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલી પ્રદેશ | જે.બી. & કર્પ વિદ્યા સંકુલ<br>ઠાકોર દ્વાર ફાર્મ, સુરત-કામરેજ હાઈવે,<br>ડાયમંડ નગર, લસકાણા,<br>સુરત - ૩૯૫૦૦૬ | ૨૯/૦૬/૨૦૨૦ થી ૦૧/૦૭/૨૦૨૦ |
| ૨ | વડોદરા | વડોદરા, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, મહિસાગર, દાહોદ, પંચમહાલ, આણંદ, ખેડા | અંબે & જય અંબે વિદ્યાલય<br>હરણી, હરણી-વારસીયા રીંગ રોડ,<br>પંચામૃત ફ્લેટ્સની બાજુમાં,<br>BSNL કોલોની,<br>નવા સમા, વડોદરા - ૩૯૦૦૦૬ | ૦૪/૦૭/૨૦૨૦ થી ૦૬/૦૭/૨૦૨૦ |
| ૩ | રાજકોટ | રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, દેવભુમિદ્વારકા, અમરેલી, ભાવનગર, બોટાદ, કચ્છ, જૂનાગઢ, પોરબંદર, ગીરસોમનાથ, દીવ પ્રદેશ | ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ<br>મુ.પો. જામવાડી,<br>ગોંડલ-જેતપુર નેશનલ હાઈવે નં-૨૭,<br>તા.ગોંડલ, જિ-રાજકોટ - ૩૬૦૩૧૧ | ૦૯/૦૭/૨૦૨૦ થી ૧૨/૦૭/૨૦૨૦ |

Scanned with CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | અમદાવાદ | અમદાવાદ(શહેર), અમદાવાદ(ગ્રામ્ય), સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ | ધ સાઉથ ઈન્ટરનેશનલ સ્કૂલ<br>વસંત વિહાર-૨,<br>નવા નરોડા,<br>અમદાવાદ - ૩૮૨૩૩૦ | ૧૫/૦૭/૨૦૨૦<br>થી<br>૧૯/૦૭/૨૦૨૦ |

ઉત્તરવહી અવલોકન માટે અરજી કરનાર ઉમેદવારોએ તેઓના જિલ્લાના ઝોનમાં દર્શાવેલ સ્થળ, તારીખ અને સમય જાણવા માટે બોર્ડની વેબસાઈટ www.gseb.org અથવા sci.gseb.org ઉપરથી તેઓનો માર્ચ-૨૦૨૦ ની પરીક્ષાનો બેઠક નંબર તથા અવલોકન માટેની ઓનલાઈન અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબરની મદદથી ઉત્તરવહી અવલોકન માટેના કોલ લેટરની પ્રિન્ટ બોર્ડની વેબસાઈટ પરથી ફરજિયાત મેળવવાની રહેશે અને તેની નકલ (પ્રિન્ટ) રૂબરૂ અવલોકન વખતે સાથે લાવવાની રહેશે. કોલ લેટરમાં દર્શાવ્યા મુજબ ઉમેદવારે ઉત્તરવહી અવલોકનના નિયત સ્થળ, તારીખ અને સમયે અચૂક હાજર રહેવાનું રહેશે. નિયત સ્થળ, તારીખ અને સમય બાદ અવલોકન માટે આવનાર ઉમેદવારોને ઉત્તરવહીનું અવલોકન કરવા મળશે નહી.

<u>ઉત્તરવહી અવલોકન માટેના કોલ લેટર તા.૨૨/૦૬/૨૦૨૦ ને સોમવારના રોજ સાંજે ૨૦:૦૦ કલાકથી ઓનલાઈન ડાઉનલોડ કરી પ્રિન્ટ લઈ શકાશે.</u>

<u>નોંધ :-</u> ચાલુ વર્ષે અરજદારોને ટપાલ દ્વારા કોલ લેટર મોકલવામાં આવનાર નથી. બોર્ડની વેબસાઈટ પરથી પ્રિન્ટ મેળવીને અવલોકન માટે આવવાનું રહેશે.

ક્રમાંક:માવિ.૬/ઉ.અવલોકન/૨૦૨૦/૧૧૭૭૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૫/૦૬/૨૦૨૦

<u>નકલ રવાના જાણ તથા અમલસારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ ઉ.મા. વિ.પ્ર.શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned with CamScanner